# ઈમામ હસન અસ્કરી(અ.સ.)ના મોઅજીઝાઓ

ઈમામ હસન અસ્કરી(અ.સ.)ની વિલાદત હિ.સ.૨૩૨ના ૧૦ રબીઉલ આખર અને જુમ્આના દિવસે મદિનાએ મુનવ્વરામાં થઈ. આપ(અ.સ.)ના બાપદાદાઓની જેમ ઈમામે મન્સુસ, માઅસૂમ, આઅલમે ઝમાના અને અફઝલે કાએનાત હતા. અલ્લાહે આપ(અ.સ.)ને બધા મનાકિબ ફઝાઈલ અને દાયમી મનાકિબ ફઝાઈલ અને કમાલાતથી સરફરાઝ ફરમાવ્યા હતા. અહીં અમે આપ(અ.સ.)ના અમુક મોઅજેઝા બયાન કરીશું.

*** ઈમામ(અ.સ.)થી માંગવામાં શરમ ન કરો :**

અબુ હાશિમ અલ જાફરીએ મને કહ્યું "મેં ઈમામ હસન અસ્કરી(અ.સ.)ને જેલના ઝુલ્મોની અને સાંકળોની સખ્તાઈની ફરિયાદ કરી. ઈમામ(અ.સ.)એ મને લખ્યું "તું આજે બપોર (ઝોહર)ની નમાઝ તારા ઘરે પડીશ."

મને બપોરે જેલમાંથી છોડી દેવામાં આવ્યો અને ઈમામ(અ.સ.)ના કહેવા મુજબ મેં બપોર (ઝોહર)ની નમાઝ મારા પોતાના ઘરમાં પડી. હું દુઃખી અવસ્થામાં હતો અને હું ઈચ્છતો હતો કે પત્રમાં ઈમામ(અ.સ.) પાસે મદદ માગું. જે પત્ર મેં લખી રાખેલો હતો પણ મને મોકલવામાં શરમ આવતી હતી.

જયારે હું મારા ઘરે પહોચ્યો, ઈમામ(અ.સ.)એ મને ૧૦૦ દિનાર મોકલી આપ્યા અને ઈમામ(અ.સ.)એ મને લખ્યું કે "જયારે તમને જરૂરિયાત હોય, તમે મારી પાસે માંગતા શરમાવો નહિ અને મારાથી બચો નહીં (દૂર ના રહો.) મારી પાસે માંગો અને તમને આપવામાં આવશે જે તમારી જરૂરિયાત હશે અગર અલ્લાહ ચાહશે તો."

(કિતાબે અલ ઈર્શાદ પ્રકરણ ઈમામે હસને અસ્કરી(અ.સ.),
અલ કાફી -૧, પાના નં.૫૦૮, હદીસ નં.૧૦)

## * જુદી જુદી ભાષામાં વાતચીત :

અબુ હમઝા કહે છે કે મેં સાંભળ્યું કે ઈમામ હસન અસ્કરી(અ.સ.) ઘણા બધા પ્રસંગોમાં તેના ગુલામ સાથે તેની પોતાની માતૃભાષામાં વાત કરે છે. તેમના અમુક ગુલામ તુર્કના હતા, અમુક ગુલામો byzantium (શહેર) અને અમુક saqalibaના (જગ્યાના નામ) હતા .

હું એ સમયે આશ્ચર્ય પામ્યો અને મેં કહ્યું "ઈમામ(અ.સ.)નો જન્મ મદિનામાં થયો છે અને ઈમામ નકી(અ.સ.)ની શહાદત પેહલા તેમને કોઈએ જોયા નથી અને ન તો તેમણે કોઈને જોયા હતા. આવું કેવી રીતે બની શકે (કે તેઓ ઘણી બધી ભાષા બોલી શકે?)"

હું મારી જાતને આ કહી રહ્યો હતો કે ઈમામ(અ.સ.) મારી તરફ આવ્યા અને કહ્યું "અલ્લાહ તઆલાએ તેની હુજ્જતને બાકી રહેલી તેની મખ્લુક ઉપર ફઝીલત અતા કરેલ છે અને તેમને બધીજ ચીઝનું ઈલ્મ આપેલું છે. તે ભાષાઓ, વંશાવલી અને ઘટનાઓથી માહિતગાર છે. અગર આવું ન હોત તો ઈલાહી હુજ્જત અને બીજા લોકો વચ્ચેનો તફાવત ન રહેત."

(કિતાબે અલ ઈર્શાદ પ્રકરણ ઈમામે હસને અસ્કરી(અ.સ.),

અલ કાફી -૧, પાના નં.૫૦૯, હદીસ નં.૧૧)

### * પ્રશ્નનો પૂછ્યા વગર જવાબ આપ્યો :

અલ હુસૈન બિન ઝરીફ કહે છે કે મારા મનમાં બે સવાલો હતા. હું ઈચ્છતો હતો કે ઈમામ હસન અસ્કરી(અ.સ)ને તેના વિશે લખું. મેં લખ્યું કે "ઈમામ મહદી(અ.સ) ઈમામતનો હોદ્દો કોણ સંભાળશે અને તેઓ કેવી રીતે લોકોની દરમ્યાન ફેંસલાઓ આપશે?" હું એ પણ ઈચ્છતો હતો કે ઈમામ(અ.સ)ને પીળયા તાવ વિશે પૂછું. પરંતુ પત્રમાં હું આ તાવ વિશેનો ઉલ્લેખ કરવાનું ભૂલી ગયો.

ઈમામ(અ.સ)નો જવાબ આવ્યો "તમે પૂછ્યું હતું કે ઈમામતનો હોદ્દો કોણ અને કેવી રીતે સંભાળશે? તેને ઈમામ મહદી(અ.સ) સંભાળશે ત્યારે તે લોકોની વચ્ચે

તેના ઈલ્મથી ચુકાદો આપશે જેવી રીતે હઝરત દાઉદ(અ.સ) કોઈપણ પૂરાવા કે સાબિતી વગર ચુકાદો આપતા હતા.

તમે પીળયા તાવ વિશે પૂછવા ચાહતા હતા પણ તમે તે પીળયા તાવ વિશે લખતા ભૂલી ગયા હતા. પેપર પર આ આયત લખો અને તાવીઝ બનાવી તે બીમારને બાંધી દો.

“અય આગ! તું ઈબ્રાહીમ(અ.સ) પર ઠંડી અને સલામતી આપનારી થઈ જા.” (સુરે અંબીયાઃ ૬૫).

મેં આ લખી નાખ્યું અને જે વ્યક્તિને તાવ હતો તેને બાંધી નાખ્યું અને તેની તબિયત સારી થઈ ગઈ.

(કિતાબે અલ ઈર્શાદ પ્રકરણ ઈમામે હસને અસ્કરી (અ.સ),

અલ કાફી-૧,પાના નં.૫૦૯,હદીસ નં.૧૩)

ઈમામ હસન અસ્કરી(અ.સ.)ની વિલાદતના મૌકા ઉપર અમે આપ સૌને મુબારકબાદ પેશ કરીએ છીએ અને અલ્લાહ તઆલા પાસે દુઆ કરીએ છીએ કે આપ(અ.સ.)ના ફરઝંદ ઈમામે ઝમાના(અ.સ.)ના ઝહુરમાં પરવરદિગારે આલમ તાઅજ્જીલ ફરમાવે અને અમે આપણને તેમના હકીકી મદદગાર અને ચાહવા-વાળાઓમાં કરાર દે.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com